પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા નાઓ ધ્વારા સને ૧૯૫૧ ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (બી) હેઠળનો નિયમ

---

ક્રમાંકઃજી/સીપી/ડીસીપી-ટ્રાફીક-પૂર્વ ઝોન/વડસર રેલવે ઓવર બ્રિજ/ પ્રવેશબંધી/વૈકલ્પિકવ્યવસ્થા / જાહેરનામુ/જાવક/ ૭૦૯ /૨૦૨૬ તા.૦૫/૦૪/૨૦૨૬

LTC/MAHSR/Pkg-C4/2026/058, તા.03/૦૨/૨૦૨૬ ના પત્રમાં જણાવ્યા મુજબ L & T ધ્વારા મુંબઇ-અમદાવાદ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ C-4 પેકેજની સિવિલ વર્કની કામગીરી ખાતે ચાલી રહી છે. આ કામગીરીના ભાગરૂપે તા.૧૫,૧૬/૦૪/૨૦૨૬ના રોજ વડોદરા શહેરના **વડસર રેલવે ઓવર બ્રિજ ઉપર ગડર લોન્ચીંગ**ની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી દરમ્યાન વડસર રેલવે ઓવર બ્રિજ ઉપરથી અવર –જવર કરતાં તમામ પ્રકારના વાહનો માટે પ્રવેશબંધી કરવા પ્રોજેક્ટ મેનેજરશ્રી દ્વારા જણાવેલ છે.

આ કામગીરી દરમ્યાન શહેરીજનોને અગવડતા ન પડે અને ટ્રાફિક સુચારૂ રીતે ચાલે તે હેતુથી વૈકલ્પિક ટ્રાફિક વ્યવસ્થા અંગેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર હોવા થી હું **નરસિમ્હા કોમાર**, IPS, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ગુજરાત પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨માં) ની કલમ ૩૩ (૧) બી. થી મળેલ સત્તાની રૂએ તા.૧૫/૦૪/૨૦૨૬ રાત્રીના ૨૩:૩૦ થી તા.૧૬/૦૪/૨૦૨૬ ના કલાક ૦૪:૦૦ સુધી અથવા કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક વ્યવસ્થા અંગે નીચે મુજબનુ જાહેરનામું પ્રસિધ્ધ કરૂ છું.

**-: જાહેરનામાની વિગત :-**

**-: ટ્રાફિક ડાયવર્ઝન (૧) તમામ પ્રકારના વાહનો માટે :-**

| નં | પ્રતિબંધીત રસ્તો | વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|
| ૧ | સુશેન સર્કલથી વડસર રેલવે ઓવર બ્રિજ ઉપર થઇ ખિસકોલી સર્કલ જતાં તમામ પ્રકારના વાહનો માટે | જયુપીટર ચાર રસ્તાથી અથવા અલવાનાકા ત્રણ રસ્તા (વડસર રોડ)થી તુલસીધામ ચાર રસ્તા, સરસ્વતી ચાર રસ્તા,ઇવા મોલ ચાર રસ્તા,દરબાર ચોકડી, માંજલપુર બ્રિજ ઉપર, ખિસકોલી સર્કલ થઇ જે તે તરફ જઇ શકાશે. |
| ૨ | ખિસકોલી સર્કલથી નવીન વડસર બ્રિજ ત્રણ રસ્તા થઇ જયુપીટર, સુશેન સર્કલ જતાં વાહનો | ખિસકોલી સર્કલથી નવીન માંજલપુર બ્રિજ, દરબાર ચોકડી,બાહુબલી સર્કલ,વડસર બ્રિજ ત્રણ રસ્તાથી ડાબી બાજુ વળી, વડસર રોડ, અલવા નાકા ત્રણ રસ્તા, જયુપીટર ચાર રસ્તા, સુશેન સર્કલ થઇ જે તે તરફ જઇ શકાશે. |

**(૨) તમામ પ્રકારના ભારદારી વાહન/GSRTC ની બસો માટે :-**

| નં | પ્રતિબંધીત રસ્તો | વૈકલ્પિક વ્યવસ્થા |
|---|---|---|
| ૧ | સુશેન સર્કલથી વડસર રેલવે ઓવર બ્રિજ ઉપર થઇ ખિસકોલી સર્કલ તરફ અવર –જવર કરતાં તમામ પ્રકારના ભારદારી વાહન/GSRTC ની બસો માટે | (૧) જયુપીટર ચાર રસ્તાથી તુલસીધામ ચાર રસ્તા, સરસ્વતી ચાર રસ્તા, ઇવા મોલ ચાર રસ્તા,દરબાર ચોકડી, માંજલપુર બ્રિજ ઉપર, ખિસકોલી સર્કલ થઇ જે તે તરફ જઇ શકાશે<br>(૨) સુશેન સર્કલથી ભવન્સ સર્કલ,સ્પંદન સર્કલ, શ્રેયસ સ્કુલ ત્રણ રસ્તા,લાલબાગ બ્રિજ,મોતીબાગ તોપ, રાજ મહેલગેટ, મહારાણી શાંતાદેવી ચાર રસ્તા,જેલ રોડ, કાલાઘોડા સર્કલ, નરહરી સર્કલ,ફતેગંજ સર્કલ થઇ જે તે તરફ જઇ શકાશે. |

મે આજરોજ તા૦૫/૦૪/૨૦૨૬ ના મારા સહી-સિક્કા કરેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા

(નરસિમ્હા કોમાર)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર, વડોદરા.

Scanned with CamScan